જન્મદિને વધામણી


અશ્વિન શાહ
મો. ૯૪૦૮૮ ૯૬૬૨૨

રમણલાલ શાંતિલાલ ઠક્કર
મંત્રી, જલારામ સેવા સમાજ
ફોન : ૨૩૨૨૯૭૦૨

હર્ષિદાબેન
જયસુખલાલ દોશી
મો. ૯૪૨૮૭ ૩૦૫૫૧

કાન્તિલાલ
શકરાલાલ નાયી
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩

કાવ્યા હડિયા

દર્શિલ ભરતકુમાર વાઘેલા
મો. ૯૯૭૪૪ ૦૯૪૮૧

દિવ્યાની
ઈલેશકુમાર વાઘેલા

રૂદ્રકુમાર
રીન્કેશભાઈ પરમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

શેઠ સી ઍમ હાઈસ્કૂલ દ્વારા વાલીઓ સાથે સહચિંતન

શાળાના પરિણામલક્ષી આયોજન અને પરિણામનું વિશ્લેષણ વાલીઓ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી ઍમ હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ધોરણ-૧૦ તથા ધોરણ-૧૧, ૧૨ (સાયન્સ)ના વિદ્યાર્થીઓના વાલીઓની સહચિંતન શિબિર સંસ્થાના બ્રહ્માણીકૃપા હૉલમાં યોજવામાં આવી હતી, જેમાં ૫૦૦ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત આચાર્ય ડૉ. ચેતના બુચ દ્વારા સ્વાગત પ્રવચનથી કરવામાં આવી હતી. તેમણે શાળાકીય આયોજનથી તમામ વાલીઓને માહિતગાર કર્યા હતા. માધ્યમિક વિભાગમાંથી મહેશભાઈ વડાલીયા, દશરથભાઈ પટેલે વિષયને અનુરૂપ પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું હતું. ઉચ્ચતર માધ્યમિક વિભાગના જે બી પટેલ દ્વારા વાલીઓને જેઈઈ અને ઍનઈઈટી પરીક્ષા સંદર્ભે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વી ઍમ પટેલ દ્વારા શાળાના પરિણામલક્ષી આયોજન અને પરિણામનું વિશ્લેષણ રજૂ કરવામાં આયું હતું. તેમના દ્વારા શાળામાં આંતરિક ગુણવત્તા સુધારણા કાર્યક્રમનું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે માધ્યમિક વિભાગના સુપરવાઈઝર મહેશભાઈ ખોરસ્મા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માધ્યમિક વિભાગના કનુભાઈ પટેલ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના સંદિપભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ઉચ્ચતર માધ્યમિક વિભાગના સુપરવાઈઝર બી એ પટેલ અને મુકેશભાઈ પટેલ દ્વારા સક્રિય સહયોગ આપવામાં આવ્યો હતો.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા

"જવાબદારી એ જ જીવનની સાચી ઓળખ" વિષયે વર્કશોપ

ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ ના વ્યક્તિત્વ વિકાસ માટે અનેક કાર્યક્રમો નું આયોજન કરવા માં આવે છે. જેના ભાગરૂપે ગુજરાત ના જાણીતા મોટીવેશનલ સ્પીકર તેમજ ઉદ્યોગપતિ જે. સી. પટેલને સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવા આમંત્રિત કર્યા હતા. જેમણે અનેક પ્રકારે જવાબદારીઓનું નિર્વહન કરવા માટે ખુબ જુસ્સાદાર છટામાં વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. કાર્યક્રમ માં ૨૪૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. "જવાબદારી એ જ જીવનની સાચી ઓળખ" વિષય પર વક્તાએ ચોટદાર વક્તવ્ય આપ્યું હતું. આપણા રાષ્ટ્ર પ્રત્યે આપણી જવાબદારી રાષ્ટ્રહિત માં વ્યક્તિ, સમાજ અને સર્વ નું હિત છે તે બાબત ધ્યાનમાં રાખી આ તમામ બાબતો પ્રત્યે જવાબદારીનું નિર્વહન કરવા વિદ્યાર્થીઓને તેમના દ્વારા સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમ નું સંચાલન ડો. આશિષ ભુવા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ડો. નીરવ જોશી દ્વારા આભારવિધિ કરવા માં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો. જયેશ તન્ના તથા સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

ચીફ ઓફ ધ નેવલ સ્ટાફે ગુજરાતમાં નૌકાદળની કામગીરીની સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૧૦

ચીફ ઓફ નેવલ સ્ટાફ અને ચેરમેન ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી એડમિરલ સુનિલ લાંબા પીવીએસએમ (પરમ વિશિષ્ટ સેવા મેડલ), એવીએસએમ (અતિ વિશિષ્ટ સેવા મેડલ), એડીસીની પોરબંદર અને ઓખામાં ભારતીય નૌકાદળનાં ભવિષ્યમાં કાર્યરત થનાર બેઝની બે દિવસની મુલાકાત ગઈકાલે પૂર્ણ થઈ હતી. લાંબા દરિયાકિનારાને કારણે વિશિષ્ટ સ્થાન ધરાવતું ગુજરાત આપણાં દેશની ભૌગોલિક અને આર્થિક સુરક્ષાની દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ રાજ્ય છે. એડમિરલ સુનિલ લામ્બાએ તેમની મુલાકાત દરમિયાન રાજ્યમાં નૌકાદળની કામગીરીની જાણકારી મેળવી હતી. તેમણે વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી તથા કાર્યકારી અને વહીવટી માળખાગત વિકાસની ભવિષ્યની યોજનાનો તાગ મેળવ્યો હતો. એડમિરલે મુલાકાત દરમિયાન પોરબંદર અને ઓખા એમ બંને જગ્યાએ ભારતીય નૌકાદળનાં લશ્કરી અને વહીવટી એમ બંને પાંખનાં અધિકારીઓ સાથે ચર્ચા પણ કરી હતી તેમજ આ વિસ્તારમાં કોઈ પણ રાષ્ટ્રવિરોધી કૃત્યોને

અટકાવવા માટે સતત સતર્ક રહેવા બદલ તેમની પ્રશંસા કરી હતી. એડમિરલ સુનિલ લાંબાની સાથે તેમનાં પત્ની શ્રીમતી રીના લાંબા પણ પધાર્યા હતાં. તેઓ નેવી વાઈવ્સ વેલ્ફેર અ ે સ ા ે િસ અ ે શ ન (એ ન ડ બ લ્ય ુ ડ બ લ્ય ુ એ)નાં પ્રમુખ છે. શ્રીમતી રીના લાંબાએ લશ્કરી અને વહીવટી અધિકારીઓની પત્નીઓ સાથે ચર્ચા કરવા ઉપરાંત સામુદાયિક સુવિધાઓની સમીક્ષા પણ કરી હતી, જેમાં નેવી ચિલ્ડ્રન સ્કૂલ, વેલ્ફેર સેન્ટર તેમજ પોરબંદર અને ઓખામાં સ્થિત નૌકાદળનાં અધિકારીઓનાં કુટુંબો માટે તબીબી સુવિધાઓ સામેલ છે. શ્રીમતી રીના લાંબાએ શિશુગૃહ સુવિધાનું ઉદઘાટન પણ કર્યું હતું તેમજ ગુજરાતમાં નૌકાદળનાં અધિકારીઓનાં પરિવારમાં સામેલ થયેલી નવવધુઓનું અભિવાદન કર્યું હતું. પોરબંદર અને ઓખા એમ બંને જગ્યાએ મુલાકાત લેનાર બંને મહાનુભાવોને વાઈસ એડમિરલ ગિરિશ લુથરા પીવીએસએમ, એવીએસએમ, વીએસએમ, ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ, વેસ્ટર્ન નેવલ કમાન્ડ અને શ્રીમતી પ્રીતિ લુથરા, પ્રેસિડન્ટ, એનડબલ્યુડબલ્યુએ (વેસ્ટર્ન રિજન)એ સાથે આપ્યો હતો.

ગાંધીનગર, તા. ૧૦

શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજની અધ્યક્ષતામાં વિદેશની ધરતી પર ભારતીય ઉત્સવ એવો ભવ્ય શાકોત્સવ અમેરિકાના સિકોકસ ખાતેના શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે મેયરની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો. ત્રિદિવસીય મહોત્સવ અંતર શ્રી સ્વામીનારાયણ મંદિરનો ૨ ઉમો પાટોત્સવ પણ હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં તેમજ યુનાઈટેડ સ્ટેટ્સ કોંગ્રેસમેન બિલ પાસકેલ જુનિ., સિકોકસના મેયર માઈકલ ગનેલી, કાઉન્સિલમેન જૉન ગરબાસીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આચાર્ય સ્વામીજી મહારાજ દ્વારા વસુધૈવ કુટુંબકમની ભાવનાનો સંદેશો આપી વિશ્વમાં શાંતિ પ્રસરાવવાનો ઉમદા હેતુ રહેલો છે.

આચાર્ય સ્વામી મહારાજે આશીર્વાદમાં જણાવ્યું હતું કે શ્રી સ્વામીનારાયણ ભગવાનની આજ્ઞા અન્વયે જે દેશમાંથી દાન પ્રાપ્ત થયું છે તે જ દેશના ઉત્થાન માટે અર્પણ કરીએ છીએ એ જ અમારો શિલાલેખ છે. તેમણે સૌને પર્યાવરણ સંરક્ષણ-જાળવણી માટે વૃક્ષારોપણ કરવા માટે પણ હાકલ કરી હતી. સંસ્થાન દ્વારા ત્રણ હજાર ડૉલરનું દાન ફાયર ડિપાર્ટમેન્ટ, ટ્રી પ્લાન્ટેશન અને એનીમલ વેલ્ફેર માટે દાન કરાયું હતું.

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ દ્વારા કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

કૉલેજના ઍસસી-ઍસટી સૅલના ઉપક્રમે ગુજરાત યુનિવર્સિટીના સૌજન્યથી 'આદિવાસી વારસાનું ગૌરવ : અતીત, વર્તમાન, ભવિષ્ય સંદર્ભે' વિષયે આ પરિસંવાદ યોજવામાં આવ્યો હતો, જેમાં કૉલેજની ઍસસી-ઍસટી વિદ્યાર્થિનીઓ સહભાગી બની હતી.

કાર્યક્રમને સફળ બનાવવા કૉલેજના ટ્રસ્ટીગણ, આચાર્ય અને ઍસસી-ઍસટી સૅલના નોડલ ઑફિસર ડૉ. હેમાંગિની વાઘેલાએ સક્રિય સહકાર આપ્યો હતો.

સરકારી વિનયન કૉલેજ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન

વર્તમાન સમયમાં અભ્યાસક્રમની સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાનું મહત્વ સમજાય તે માટે સરકારી વિનયન કોલેજ ગાંધીનગર દ્વારા OMR પદ્ધતિથી એક નમૂનારૂપ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં બહોળી (૧૫૮) સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ આયોજનને પ્રો. ડો. વનરાજ જાડેજા પ્રા. ઝાલા કૃષ્ણવીરસિંહ અને શ્રી નીલેશ પટેલ દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો.

સરકારી આર્ટ્સ કૉલેજ ખાતે ગ્રંથાલય દિવસની ઉજવણી

ગ્રંથાલય શાસ્ત્રના વિદ્વાન ડૉ. એસ આર રંગનાથનના જન્મદિવસને ગ્રંથાલય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરના ગ્રંથપાલ મહેશ નદાણિયા અને એનએસએસ લીડર પ્રા. કૃષ્ણવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય દિવસના ભાગરૂપે રાજભવન, ગાંધીનગર ખાતે યોજાયેલા રક્તદાન શિબિરમાં ઍનઍસઍસ અને ઍનસીસીના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ચાલતા ઍમઍસડબલ્યુના પ્રથમ સૅમેસ્ટરના વિદ્યાર્થીયઓ દ્વારા શિહોલી અને ડભોડા ગામમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે મહિલા સશક્તિકરણ કાર્યક્રમનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૦

આદર્શ નિવાસી કન્યા શાળા, સૅક્ટર-૮ ખાતે રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા મહિલા સશક્તિકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મમતાબેન રાવલ અને જયશ્રીબેન ખેતિયા દ્વારા આજના યુગમાં મહિલાઓ તમામ સ્તરે સશક્ત બને અને આગળ વધે તે બાબતે માહિતી આપવામાં આવી હતી. આર પી જોષીએ ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ પછી આગળ અભ્યાસ ઉપરાંત કારકિર્દી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાકક્ષાએ પસંદગી પામેલી વિદ્યાર્થિનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્ય જ્યોતિબેન દ્વારા આભાર દર્શન અને કાર્યક્રમ સંચાલન એ જે પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાઈમરી શાળામાં 'ભારત કો જાનો' પરીક્ષા યોજાઈ

એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ભારતીય વિકાસ પરિષદ દ્વારા 'ભારત કો જાનો' વિષય પર ધોરણ-૫ થી ૮ ૧૨૦૦ વિધ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બાળકો ભારતીય સંસ્કૃતિથી પરિચિત થાય તે હેતુથી આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટમાં વિધ્યાર્થીઓની વય કક્ષાનુસાર આપણાં દેશને લગતા વૈકલ્પિક પ્રશ્નો હતા. બાળકોએ આ પરીક્ષામાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

વિદ્યાર્થીનું સાહસ : તિરંગા સાથે ૧૫૭૭૭ની ઉંચાઈએ રાષ્ટ્રગીત ગાયું

ગાંધીનગર, તા. ૧૦

એમ.એસ.યુનિ.ના ફાઈન આર્ટ્સના પૂર્વ વિદ્યાર્થીએ વિશ્વમાં સફેદ પર્વત તરીકે પ્રચલીત મોન્ટ બ્લેકની ૧૫,૭૭૭ ફૂટ ઊંચાઈએ હાથમાં તિરંગા સાથે રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. ત્યારબાદ ૩૦ મિનિટમાં (-૫) ડિગ્રી તાપમાનમાં ૧૦૮ સૂર્ય નમસ્કાર કર્યાં હતાં. નોંધનીય છે કે, આલ્પ્સની પર્વતમાળા યુરોપને આવરે છે, જે સ્વિટ્ઝરલેન્ડ, ઈટલી, મોનેકો, ઓસ્ટ્રિયા, જર્મની, સ્લોવેનિયા અને લીચ્ટેન્સ્ટાઈન જેવાં આઠ દેશમાંથી પસાર થાય છે.

દક્ષિણ ભારતમાં માતા-પિતાના મોત બાદ મરીપલી પ્રવિણ વડોદરા સ્થાયી થયાં હતાં. સમા-સાવલી રોડ પર રહેતાં મરીપલી પ્રવિણે એમ.એસ.યુનિ.માં ફાઈન આર્ટ્સ અને યોગ નિકેતન સંસ્થામાંથી યોગનો અભ્યાસ કર્યો હતો. ૨૦૧૧થી તેઓ યોગ નિકેતન સંસ્થા ખાતે યોગ શિક્ષક તરીકે સેવા આપે છે. મરીપલી પ્રવિણે દેશ-વિદેશના ઊંચા પર્વત પર તબક્કાવાર ૧૦૮ સૂર્ય નમસ્કાર કરવાનું સાહસ શરૂ કર્યું છે. ગત મહિને યુરોપમાં આલ્પ્સની સૌથી ઊંચી પર્વતમાળાના મોન્ટ બ્લેક પર સૂર્ય નમસ્કાર કરવા ગયાં હતાં.